પૂર્વછાયો- લખું લીળા વળી લાલની, જે વાલ કરી વરતાલ ।
કહેતાં ચરિત્ર નાથનાં, મારે અંતરે આવે વહાલ ॥૧॥
વાલો કહે પંચપંચની, મળી મંડળી ચાલો મરાલ ।
વાટે જનને જાળવજ્યો, દયા રાખી દલે દયાળ ॥૨॥
કઈક વાર અમે કહ્યું, તમે સાંભળિયું સો વાર ।
કામ પડે તે વાતનો, નથી રહેતો ઉર વિચાર ॥૩॥
એમ કહીને ચાલિયા, રહ્યા રાત્ય તે ગાંફ ગામ ।
ત્યાંથી ચાલ્યા ચોંપશું, કર્યો વરતાલે વિશરામ ॥૪॥

ચોપાઇ- આવ્યા વરતાલે વિશ્વ આધાર, કરવા લાડીલો લીળા અપાર ।
સર્વે સંતને કહ્યું વચન, તમે આવજ્યો ઉત્સવ દન ॥૫॥
એમ કરતાં ઉત્સવ આવ્યો, સર્વે સંતતણે મન ભાવ્યો ।
કહે મહારાજ તેડાવો મુનિ, હવે છુટી છે સંત સહુની ॥૬॥

આવ્યા સંત સરવે સાંભળી, હતી ગામોગામ જે મંડળી ।
આવી લાગ્યા પ્રભુજીને પાય, નાથ નિર્ખિ હરખ ન માય ॥૭॥
કહે નાથ આવ્યા ભલે સંત, કરો ઉતારા જોઈ એકાંત ।
પછી બહુ સંત ઉતર્યા બહાર, કૈક ઉતર્યા મંદિર મોઝાર ॥૮॥
કરે દર્શન પ્રસન્ન નાથ, લિયે સુખ સહુ જન સાથ ।
થાય માસુક મોદક સારા, જમે જન પ્રભુ પીરસનારા ॥૯॥
કરે મનવાર મોદક લઈ, સંત શાન કરે મૌન રઈ ।
પછી બોલ્યા રાજ અધિરાજ, એમ મૌન ન રહેવું મહારાજ ॥૧૦॥
જેજે જોઈએ તે માગીને લેવું, પણ શાન કરીને ન કહેવું ।
એવી સાંભળી વાલાની વાત, સર્વે સંત થયા રળિયાત ॥૧૧॥
એમ જમાડી જન પંગતિ, કર્યા મુનિને મગન અતિ ।
પડી સાંજ પૂરી દીપમાળ, બેઠા ઉંચે આસને દયાળ ॥૧૨॥
આવ્યાં બુરાનપુરનાં જન, કરવા કૃપાળુનાં દરશન ।
લાવ્યા કસુંબી રેંટો રૂપાળો, છેડાકોરે સોનેરી શોભાળો ॥૧૩॥
તે બંધાવ્યો મહારાજને માથે, કર્યાં દર્શન સહુ જન સાથે ।
બહુ બપોરિયા ત્યાં બળે, જાણું શ્વેતદ્વીપ ઝળમળે ॥૧૪॥
તિયાં બેઠા વાલો વનમાળી, અતિ શોભે છે સભા રૂપાળી ।
થાય ઉત્તર ને પ્રશ્ન અતિ, સુખ આપે સુખમય મૂરતિ ॥૧૫॥
પછી પધાર્યા પોઢવા નાથ, સખા એકાંતિક લઈ સાથ ।
જ્યારે જાગિયા જગજીવન, દીધાં દાસ સહુને દર્શન ॥૧૬॥
પછી બોલિયા પ્રાણઆધાર, પૂરો અન્નકોટ સુંદર સાર ।
પછી જને પૂર્યો અન્નકોટ, શાક પાકની ન રાખી ખોટ ॥૧૭॥
કરી આરતી અન્નકોટ તણી, બની શોભા જાય નહિ ભણી ।
તિયાં જમીયા જીવનપ્રાણ, પછી જમાડ્યા સંત સુજાણ ॥૧૮॥
એમ લીળા કરે અવિનાશ, જોઈ સુખ લિયે સહુ દાસ ।
વસે વડોદરે એક જન, તેનું નામ છે જગજીવન ॥૧૯॥
તેણે પ્રેમે કરાવ્યો પોશાગ, સારો સોનેરી બુટે સુવાગ ।

તેડી ઉતારે જમાડ્યા નાથ, પછી પોશાગ પહેરાવ્યો હાથ ॥૨૦॥
પહેરી પોશાગ પ્રાણજીવન, દિધાં સહુ જનને દરશન ।
એમ કરે નિત્ય લીળા નવી, કેમ કહી શકે તેને કવિ ॥૨૧॥
થાય ઉત્સવ તે અહોનિશ, દિયે દાસને સુખ હમેશ ।
પછી આવ્યો એકાદશી દન, નામ પ્રબોધની તે પાવન ॥૨૨॥
તેદિ ઉત્સવ કર્યો આનંદે, સુખ લીધું સહુ જનવૃંદે ।
પછી રહ્યા દન દોય ચાર, આપ્યાં સંતને સુખ અપાર ॥૨૩॥
અલબેલોજી અઢળ ઢળ્યા, સર્વે મુનિને નાથજી મળ્યા ।
થયો સુંદર સારો સમૈયો, તે તો મુખથી ન જાય કહીયો ॥૨૪॥
આપ્યું સુખ હરિએ હુલશી, કાર્તિક શુદિ કહીએ એકાદશી ।
તેદિ ઉત્સવ કરી દયાળ, પછી પધાર્યા દેશ પંચાળ ॥૨૫॥
આવ્યા ગઢડામાંહિ ગોવિંદ, સુખદાયી સ્વામી સહજાનંદ ।
થયા થોડા ઘણા પછી દન, કહું હવે જે કર્યું જીવન ॥૨૬॥
એક સોરઠ દેશમાં જન, નામ હેમંતસિંહ પાવન ।
જેને પ્રીત ઘણી પ્રભુમાંઈ, સ્વામી વિના વહાલું નહિ કાંઈ ॥૨૭॥
કરી તન ધન કુરબાણ, થઈ રહ્યા પ્રભુના વેચાણ ।
ભક્ત અતિ એકાંતિક અવલ, ભૂલે નહિ પ્રભુ મને પળ ॥૨૮॥
નિજઘેર પ્રભુ પધરાવી, હુતાશનીની લીળા કરાવી ।
અતિ હેતે કરાવ્યો સમૈયો, તેતો મુખથી ન જાય કહીયો ॥૨૯॥
સર્વે રીત્યે રાજી કરી રાજ, કરી લીધું છે પોતાનું કાજ ।
જ્યારે સર્વે કાજ સુધાર્યું, ત્યારે મનમાં એમ વિચાર્યું ॥૩૦॥
જે કારણે આ મનુષ્ય દેહ, તેતો કીધું છે સર્વે તેહ ।
રહી એક મને અભિલાષ, કરે પૂરી જાઉં પ્રભુ પાસ ॥૩૧॥
પછી ચાલ્યા ત્યાંથી ઝીણોભાઈ, આવ્યા ગઢડે નાથ હતા ત્યાંઈ ।
અતિહરખે નિરખ્યા નાથ, પછી બેઠા પાસે જોડી હાથ ॥૩૨॥
પછી હેતે હરિએ બોલાવ્યા, ઝીણાભાઈ ભલે તમે આવ્યા ।
ત્યારે ઝીણોભાઈ કહે મહારાજ, આવ્યો છઉં મનોરથે આજ ॥૩૩॥

પૂરો કરો મારો મનોરથ, કરવા પ્રભુ તમે છો સમર્થ ।
કહું જીરણગઢને માંઇ, કરો મંદિર સુંદર ત્યાંઇ ॥૩૪॥
તેમાં સારી મૂરતિ બેસારો, કરો પૂરો મનોરથ મારો ।
બીજી પણ એટલી છે આશ, પ્રભુ રાખીયે તમારે પાસ ॥૩૫॥
કહે નાથ આપ્યો કોલ એહ, થાશે તમે જે ધાર્યું છે તેહ ।
એમ વાત કરીને દયાળ, પછી જમ્યા છે સુંદર થાળ ॥૩૬॥
આપી ઝીણાભાઇને પ્રસાદી, જેને ઇચ્છે છે ભવ બ્રહ્માદિ ।
પછી ઝીણાભાઇ ભેળા સંત, મુક્યા મંદિર કરવા ધીમંત ॥૩૭॥
તેહ દિવસે ધોલેરે થકી, આવ્યા ભક્ત પુંજોભાઇ નકી ।
તેણે પણ જોડ્યા આવી હાથ, મારી વિનતિ સુણિયે નાથ ॥૩૮॥
એક ધોલેરે મંદિર કીજે, સહુ જનને આનંદ દીજે ।
એવું સાંભળીને બોલ્યા નાથ, લિયો મેલીયે મુનિ તમ સાથ ॥૩૯॥
મેલ્યા બેઉ ઠેકાણે મરાળ, મંદિર થાવા લાગ્યાં તતકાળ ।
તિયાં સંત જાય કઇ આવે, નિત્ય ખબર મંદિરની લાવે ॥૪૦॥
થોડા દહાડામાં મંદિર થાશે, એવી વાત કરે પ્રભુ પાસે ।
એવું સાંભળી ઉત્તમ કહે છે, મારે પણ એ ઘાટ રહે છે ॥૪૧॥
કરો મંદિર જો તમે આંઇ, થાયે રાજી અમે બેન ભાઇ ।
તેને પણ કહ્યું એમ નાથે, એતો કરાવશું અમો હાથે ॥૪૨॥
એમ કહી મંદિર આદર્યાં, માસ થોડાકમાં પૂરાં કર્યાં ।
થયું ધોલેરે મંદિર પહેલાં, કહાવ્યું વાલા આવો વેલા વેલા ॥૪૩॥
હતા વાલ્યમજી વરતાલ, આવ્યા તેડવા તિયાં મરાલ ।
કહ્યું થયું મંદિર સમાપતિ, આવી પધરાવિયે મૂરતિ ॥૪૪॥
એવું સાંભળી ચાલિયા શ્યામ, આવી રહ્યા ગલિયાણે ગામ ।
ત્યાંથી નાથ આવ્યા છે પિપળી, રાજી થયા દાદોભાઇ મળી ॥૪૫॥
ત્યાંથી આવ્યા ધોલેરે મહારાજ, મૂર્તિ સ્થાપન કરવા કાજ ।
સર્વે સંઘ ને સાધુ છે સાથ, એવી રીત્યે પધારિયા નાથ ॥૪૬॥
સારું વરષ સુંદર કહીએ, વૈશાખશુદી તેરશ લહીએ ।

સારો સુંદર એ શુભ દન, તેદિ પધરાવ્યા મદનમોહન ॥૪૭॥
કર્યો સુંદર સારો સમૈયો, તેતો ન જાય મુખથી કહીયો ।
જમ્યા બ્રાહ્મણ ને હરિજન, બીજાને પણ આપિયું અન્ન ॥૪૮॥
કરી ઉત્સવ ને નાથ ચાલ્યા, જઈ ગઢડે દર્શન આલ્યાં ।
પછી ગયાતા ગઢાળી ગામ, ભક્ત આંબાનું કરવા કામ ॥૪૯॥

ઇતિ શ્રીમદેકાન્તિકધર્મ પ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય નિષ્કુળાનંદ મુનિ વિરચિતે ભક્તચિંતામણિ મધ્યે વૈશાખશુદિ તેરશને દિવસ ધોલેરે મદનમોહનજીની પ્રતિષ્ઠા કરી એ નામે સત્તાણુંમું પ્રકરણમ્ ॥૯૭॥